# Telephonic Conversation between National Security Adviser and Mr. Jake Sullivan, National Security Advisor of U.S.A

January 27, 2021

## રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર અને યુ.એસ.એ.નાં રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર શ્રી જેક સુલિવાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

જાન્યુઆરી 27, 2021

27 જાન્યુઆરીનાં રોજ રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવાલે તેઓનાં યુ.એસ. સમતુલ્ય શ્રી જેક સુલિવાન સાથે ટેલીફોન કૉલ કર્યો હતો. NSA ડોવાલે SNA સુલિવાનને રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર તરીકે તેઓની વરણી થવા પર શુભેચ્છાઓ પાઠવી હતી.

NSA ડોવાલે ભારપૂર્વક કહ્યું હતું કે ખુલ્લા અને સમાવેશક વિશ્વનાં શાસનમાં બાધ્ય શ્રદ્ધા ધરાવતી વિશ્વની આગેવાન લોકશાહીઓ તરીકે, ભારત અને યુ.એસ. આતંકવાદનાં અભિશાપનો સામનો કરવો, મેરિટાઈમ સુરક્ષા, સાયબર સુરક્ષા અને ઈન્ડો-પેસિફિક પ્રાંત અને તેનાંથી આગળનાં ક્ષેત્રોમાં શાંતિ અને સ્થિરતા સહિત પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર નિકટતાથી કાર્ય કરવા માટે અનન્ય સ્થિતિ ધરાવે છે.

NSA સુલિવાને કહ્યું હતું કે દ્વિપક્ષીય કાર્યસૂચી અને સામાન્ય વૈશ્વિક પડકારો પર સાથે મળીને કાર્ય કરવા યુ.એસ. તત્પર છે.

બન્ને રાષ્ટ્રિય સુરક્ષા સલાહકારો સમાહિત મૂલ્યો અને સામાન્ય વ્યૂહાત્મક અને સુરક્ષાનાં હિતો પર નિર્માણ પામેલ ભારત-યુ.એસ. સંબંધોને આગળ વધારવા કાર્ય કરવા સંમત થયા હતા. તેઓએ કોવિડ-બાદનાં યુગનાં પડકારોને સંબોધવા અને વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વિસ્તૃત કરવા માટે સંયુક્ત રીતે કાર્ય કરવાની જરૂર પર પ્રકાશ પાડ્યો હતો.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 27, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.